Gujarati Midday Pg 19, 18th Feb 2022

# ક્રિપ્ટોકરન્સી માટે વધી રહેલી પ્રતિકૂળતાઓ

**ક્રિપ્ટોકરન્સી** સંબંધે પ્રતિકૂળતાઓ વધવાને પગલે તમામ અગ્રણી ક્રિપ્ટોકરન્સીમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. એની અસર તળે કુલ માર્કેટ કેપિટલાઈઝેશનમાં ૨.૨૯ ટકાનો ઘટાડો થઈને ગુરુવારે સાંજે આંકડો ૧.૮૫ ટ્રિલ્યન ડૉલર પર પહોંચ્યો હતો.

ટોચની ક્રિપ્ટોકરન્સી - બીટકૉઈન ગુરુવારે સાંજ સુધીના ૨૪ કલાકના ગાળામાં ૩.૧૦ ટકા ઘટીને ૪૨,૩૦૦ ડૉલરની આસપાસ રહ્યો હતો. ઈથેરિયમમાં લગભગ ૨ ટકાના ઘટાડા સાથે ભાવ ૩૦૧૦ ડૉલર થઈ ગયો હતો. કાર્ડાનોમાં ૧.૫૯ ટકા, સોલાનામાં ૨.૨૦ ટકા, અવાલાંશમાં ૧.૨૯ ટકા, ટેરામાં ૧.૬૬ ટકા, ડોઝકૉઈનમાં ૧.૪૫ ટકા અને પોલકાડોટમાં ૨.૧૭ ટકાનો ઘટાડો થયો હતો.

એક પછી એક નાણાકીય નિયમનકારો ક્રિપ્ટોકરન્સી વિશે પ્રતિકૂળ ટિપ્પણીઓ કરી રહ્યા છે અથવા પગલાં ભરી રહ્યાં છે. અમેરિકામાં સિક્યૉરિટીઝ માર્કેટની નિયમનકાર સંસ્થા એસઈસીએ બિનાન્સની અમેરિકન એફિલિયેટ બિનાન્સ યુએસ સંબંધે તપાસ શરૂ કરી છે. આ સંસ્થા માર્કેટ મેકર તરીકે કામ કરી રહેલી બે ટ્રેડિંગ કંપનીઓ સાથે સંબંધ ધરાવે છે કે કેમ એની તપાસ ચાલી રહી છે.

અન્ય એક અહેવાલ મુજબ કૅનેડાની પોલીસે હડતાળ પર ઊતરેલા ટ્રક-ડ્રાઈવરોને મદદ કરનારા ક્રિપ્ટોકરન્સીના વ્યવહારોને અટકાવી દેવાનો ક્રિપ્ટો એક્સચેન્જોને આદેશ આપ્યો છે. પોલીસે કહ્યું છે કે હડતાળિયાઓને મળતો દાનનો પ્રવાહ હવે ક્રિપ્ટો એક્સચેન્જો મારફતે આવી રહ્યો હોવાથી એને અટકાવવાનો આદેશ આપવામાં આવે છે.

નોંધનીય છે કે ટ્રક-ડ્રાઈવરોને ક્રાઉડ ફન્ડિંગ દ્વારા મળતી સહાય બંધ કરાયા બાદ ક્રિપ્ટોકરન્સીની મદદથી આર્થિક મદદ આપવાની શરૂઆત થઈ છે.

દરમિયાન, ક્રિપ્ટોવાયરે લૉન્ચ કરેલો ક્રિપ્ટોકરન્સીનો વિશ્વનો સર્વપ્રથમ ઈન્ડેક્સ - આઈસી૧૫ ગુરુવારે બપોરે ૪.૦૦ વાગ્યે ૧૧૨૭ પૉઈન્ટ (૧.૭૬ ટકા)ના ઘટાડા સાથે ૬૨,૮૪૧ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૬૩,૯૬૮ ખૂલ્યા બાદ ઉપરમાં ૬૪,૬૩૬ અને નીચામાં ૬૨,૫૯૬ ગયો હતો.